**દાવો દાખલ તારીખ ૨૧/૦૩/૨૦૧૮**
**દાવો રજી. તારીખ ૨૧/૦૩/૨૦૧૮**
**ફેંસલ તારીખ ૧૨/૦૭/૨૦૧૯**
**સમય અવધી વર્ષ માસ દિવસ**

**રાજકોટના મે. ૧૦માં એડી. ડીસ્ટ્રીકટ જજ તથા સ્પે. જજ (ઈલેકટ્રીસીટી એકટ) સાહેબની કોર્ટમાં, મું. રાજકોટ**

**સ્પે. સીવીલ સ્યુટ (ઈલે.) નં. ૨૬૦ / ૨૦૧૮**

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ**
થ્રુ ઈટસ નાયબ ઈજનેરશ્રી
રણછોડનગર સબ ડીવીઝન, રાજકોટ ......... **વાદી**

**વિરૂધ્ધ**

**છોટાલાલ એચ. ગીલાણી**
ઠે. ભગવતીપરા શેરી નં.૧૪, ચામુંડાપાનવાળી શેરી,
હાઝમચોક, રાજકોટ ....... **પ્રતિવાદી**

**દાવો :– વીજ વપરાશ બીલની લેણી રકમ રૂા. ૪૮,૭૨૯–૪૯ પૈસા વસુલ મળવા અંગે**

**એડવોકેટસ**
**વાદી તરફે વિધ્વાન વકીલશ્રી બી.એ.બક્ષી**
**પ્રતિવાદી તરફે : એકતરફી**

**– :: ચુ કા દો :: –**

**(૧)** આ કામના વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી રજીસ્ટર્ડ ઓફીસના તાબામાં જુદાજુદા ડીવીઝન તથા સબ ડીવીઝનની ઓફીસો આવેલ છે અને આ રીતે વાદી કંપનીનું ણછોડનગર સબ ડીવીઝન રાજકોટ મુકામે આવેલ છે. આ કામની દાવા અરજીમાં સહી કરનાર અધિકારી વાદી કંપનીના જવાબદાર અધિકૃત ઓફીસર છે અને હાલના દાવાની હકીકતથી માહીતગાર છે.

**(૨)** આ કામના પ્રતિવાદી વાદી પીજીવીસીએલની ણછોડનગર સબ ડીવીઝન પાસેથી કાયદેસર રીતે વીજજોડાણ મેળવેલ છે તે સબ ડીવીઝનના પ્રતિવાદી કાયદેસરના ગ્રાહક છે તેમના ગ્રાહક નં.૮૭૨૦૪/૦૨૬૫૨/૭ થી વીજ કનેકશન મંજુર કરેલ છે. આ કામના પ્રતિવાદીની સ્થાનીક જગ્યાએ રાજકોટના રણછોડનગર સબ ડીવીઝન તાબાના વિસ્તારમાં વીજ કનેકશન ચેક કરવા માટે તારીખ ૦૭/૧૨/૧૬ના રોજ વાદી કંપનીના અધિકારીઓ દ્વારા સદરહું સ્થળ ઉપર વીજજોડાણ પ્ર

તિવાદીની હાજરીમાં ચેક કરતાં સ્થાનીક જગ્યાએ પ્રતિવાદીએ પોતાના વીજ મીટરની મેઈન સર્વિસના પીએન ઉપરાંત એક વધારાનો એલ્યુમીનીયમ પ્રી ટવીન વાયરનું હુક સાથનો આંકડો ગોઠવેલ જેમાં હુકના ભાગે સર્પાકીંગના નીશાન હતા તથા આ કામના પ્રતિવાદીએ પોતાની મરજી મુજબ બીન અનઅધિકૃત રીતે વીજવપરાશ કરતા હોય, જે અંગેની વિગતવાર નોંધ ચેકીંગ શીટ નં. જીએનડી ૯૮૧ ૭૫થી જોડાણ તપાસણી અહેવાલમાં કરવામાં આવેલ તથા વીજ મીટર અને જે તે સ્થીતીમાં પેપર પેક કરી શીલ કબજે કરેલ અને વીજ મીટર તથા શીલોની વિશેષ ખરાઈ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવેલ જેના અનુસંધાને તા. ૧૬/૧૨/૧૫ના રોજ મીટર ચકાસણી વખતે મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં હાજર રહેવા વાદી કંપનીએ પત્ર પાઠવેલ જે અનુસંધાને ત્રણ તબકકેથી હાજર રહેવા તારીખો વાદી કંપની તરફથી આપવામાં આવેલ પરંતુ આ કામના પ્રતિવાદી વીજ મીટર બાયપાસ કરીને સ્થળ પર બીનઅધિકૃત રીતે વીજવપરાશ કરતા હોય કલમ ૧૨૬ મુજબનું બીલ આપવામાં આવેલ આ બીલ પ્રતિવાદીએ ભરવાનું થતું હોવા છતાં ભરેલ નહી જેથી પ્રતિવાદીને તા. ૨/૨/૧૭ના રોજ રૂા. ૩૯,૪૧૩–૧૫ પૈસાની નોટીસ આપેલ . આ નોટીસનો કોઈ જવાબ આપેલ નહી કે નોટીસ મુજબની કોઈ રકમ પ્રતિવાદી એ જમા કરાવેલ નથી. વાદી કંપનીના પ્રતિવાદી પાસે જનરલ કન્ઝયુમર લેજર મુજબ રૂા. ૪૮,૭૨૯–૪૯ પૈસા લેણા નીકળે છે. આથી વાદી કંપનીને હાલનો દાવો લાવવાની ફરજ પડેલ છે.

**(૩)** હાલનો દાવો દાખલ થતાં આ કામના પ્રતિવાદીને સમન્સ / નોટીસ કરતાં તેઓને આંક ૦૯ મુજબ બેલીફ દ્વારા તેમના રહેણાંકના સરનામાવાળી જગ્યાએ દાવાનો સમનસ ચોંડીને યોગ્ય રીતે બજવણી કરેલ આમ કાયદા મુજબ પ્રતિવાદીને સમન્સ / નોટીસ બજી ગયેલ હોવા છતાં તેઓ હાજર થયેલા નહી. તેથી આ કામમાં આંક ૧ હેઠળ કરેલ હુકમ મુજબ પ્રતિવાદી સામે કામ એકતરફી ચલાવવાનો હુકમ થયેલ છે. આમ આ કામના પ્રતિવાદી દ્વારા વાદીના દાવાની કોઈ હકીકત ને પ્રતિવાદી દ્વારા પડકારવામાં આવેલ નથી.

**(૪)** વાદીએ પોતાના દાવાના સર્મથનમાં આંક ૧૧ થી ભરતભાઈ મગનભાઈ કોટડીયા ને તપાસેલ છે અને તેમની જુબાની દરમ્યાન નીચે મુજબના દસ્તાવેજો રજુ કરી પુરવાર કરવામાં આવેલા છે.

**–:: <u>દસ્તાવેજી પુરાવાઓ</u> ::–**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::
::::::::::

| અનુક્રમ નંબર | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૧૩ | પરફોર્મા નં. ૧૨ અસલ |
| (૨) | ૧૪ | ઓફીસ નોટ અસલ |
| (૩) | ૧૫ | નોટીસની સ્થળપત્રત કોપી |
| (૪) | ૧૬ | રજી.એડીનું પરત આવેલ કવર |
| (૫) | ૧૭ | ગેટપાસ |
| (૬) | ૧૮ | વીજ જોડાણ તપાસણી અહેવાલ |
| (૭) | ૧૯ | મીટર ટેસ્ટીંગ ચકાસણી રોજકામ |
| (૮) | ૨૦ | પરફોર્મા ૧૫ |
| (૯) | ૨૧ | એનેક્ષર ૧૧ |
| (૧૦) | ૨૨ | પુરવણી બીલની સ્થળપ્રત |
| (૧૧) | ૨૩ | રજી.એડીની પાવતી |
| (૧૨) | ૨૪ | ક. ૧૨૬ મુજબનું ગણતરીનું બીલ |
| (૧૩) | ૨૫ | લેજર કોપી |
| (૧૪) | ૨૬ | કન્ઝયુમર પર્સનલ લેજરનો ઉતારો |

ત્યારબાદ આ કામના વાદી તરફથી આંક ૨૭ ની પુરશીશથી તેઓએ પોતાનો મૌખીક પુરાવો પુરો થયાનું જાહેર કરી પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ.

**(૫)** આ કામમાં પ્રતિવાદી સામે હાલનો દાવો એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે તેથી પ્રતિવાદી દ્વારા કોઈપણ પ્રકારનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

**(૬) હાલના દાવાના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ આંક ૧૦ થી ફેમ કરેલ છે.**

૧. શું વાદી પુરવાર કરે છે કે પ્રતિવાદીએ ગેરકાયદેસર રીતે વીજચોરી કરી વીજવપરાશ કરેલ છે ?
૨. શું વાદી પુરવાર કરે છે કે તેઓ પ્રતિવાદી પાસે વીજચોરીના બીલની રકમ લેવા હકકદાર થાય છે ?
૩. શું વાદી પુરવાર કરે છે કે તેઓ બીલની રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર થાય છે ?
૪. શું વાદીનો સમયમર્યાદામાં છે ?
૫. શું હુકમ તથા હુકમનામુ ?

ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણય નીચે કરેલ ચર્ચા મુજબ આ પ્રમાણે છે.

૧. હકારમાં
૨. હકારમાં
૩.હકારમાં
૪. હકારમાં
૫. આખરી હુકમ મુજબ

–– ::: **કા ર ણો** ::––

**(૮)** આ કામમાં મુદ્દા નં. ૧ થી ૪ની હકીકતો એકબીજા સાથે સંકળાયેલી હોય તેથી પુનરાવર્તન નો દોષ નિવારવા માટે મુદા નં. ૧ થી ૪ ની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

**(૯)** આ કામના વાદીના દાવાની હકીકત મુજબનો પુરાવો વાદી કંપનીના જવાબદાર અધિકારી ભરતભાઈ મગનભાઈ કોટડીયા એ આંક ૧૧ પોતાના પુરાવાના સોગંદનામામાં જણાવેલ છે. આ સાહેદે વાદી કંપનીના આ સાહેદના પુરાવાને પ્રતિવાદી દ્વારા પડકારવામાં આવેલ નથી.

આમ કાયદાકીય સિધ્ધાંત મુજબ જો વાદીની સોગંદપૂર્વકની હકીકતોને જો પ્રતિવાદી દ્વારા પડકારવામાં ન આવે તો તે આ હકીકતો સ્વીકારે છે તેમ માનવુ પડે. આ ઉપરાંત વાદી કંપનીના અધીકારીના આંક ૮ના મૌખીક પુરાવા તથા આંક ૧૩ થી આંક ૨૬થી દસ્તાવેજી પુરાવાઓ ઉપરથીએ હકીકત સ્પષ્ટ થાય છે કે તેમના ગ્રાહક નં.૮૭૨૦૪/૦૨૬૫૨/૭ થી વીજ કનેકશન મંજુર કરેલ છે. આ કામના પ્રતિવાદીની સ્થાનીક જગ્યાએ રાજકોટના રણછોડનગર સબ ડીવીઝન તાબાના વિસ્તારમાં વીજ કનેકશન ચેક કરવા માટે તારીખ ૦૭/૧૨/૧૬ના રોજ વાદી કંપનીના અધિકારીઓ દ્વારા સદરહું સ્થળ ઉપર વીજજોડાણ પ્રતિવાદીની હાજરીમાં ચેક કરતાં સ્થાનીક જગ્યાએ પ્ર તિવાદીએ પોતાના વીજ મીટરની મેઈન સર્વિસના પીએન ઉપરાંત એક વધારાનો એલ્યુમીનીયમ પ્રી ટવીન વાયરનું હુક સાથનો આંકડો ગોઠવેલ જેમાં હુકના ભાગે સર્પાકીંગના નીશાન હતા તથા આ કામના પ્ર તિવાદીએ પોતાની મરજી મુજબ બીન અનઅધિકૃત રીતે વીજવપરાશ કરતા હોય, જે અંગેની વિગતવાર નોંધ ચેકીંગ શીટ નં. જીએનડી ૬૮૧૭૫થી જોડાણ તપાસણી અહેવાલમાં કરવામાં આવેલ તથા વીજ મીટર અને જે તે સ્થીતીમાં પેપર પેક કરી શીલ કબજે કરેલ અને વીજ મીટર તથા શીલોની વિશેષ ખરાઈ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવેલ જેના અનુસંધાને તા. ૧૬/૧૨/૧૫ના રોજ મીટર ચકાસણી વખતે મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં હાજર રહેવા વાદી કંપનીએ પત્ર પાઠવેલ જે અનુસંધાને ત્રણ

તબકકેથી હાજર રહેવા તારીખો વાદી કંપની તરફથી આપવામાં આવેલ પરંતું આ કામના પ્રતિવાદી વીજ મીટર બાયપાસ કરીને સ્થળ પર બીનઅધિકૃત રીતે વીજવપરાશ કરતા હોય કલમ ૧૨૬ મુજબનું બીલ આપવામાં આવેલ આ બીલ પ્રતિવાદીએ ભરવાનું થતું હોવા છતાં ભરેલ નહી જેથી પ્રતિવાદીને તા. ૨/૨/૧૭ના રોજ રૂા. ૩૯,૪૧૩–૧૫ પૈસાની નોટીસ આપેલ . આ નોટીસનો કોઈ જવાબ આપેલ નહી કે નોટીસ મુજબની કોઈ રકમ પ્રતિવાદી એ જમા કરાવેલ નથી. વાદી કંપનીના પ્રતિવાદી પાસે જનરલ કન્ઝયુમર લેજર મુજબ રૂા. ૪૮,૭૨૯–૪૯ પૈસા લેણા નીકળે છે. આ કામના વાદી કંપનીના સાહેદએ રાજયસેવક છે, તેઓએ જે કોઈ કાર્યવાહી કરી છે તે પોતાની ફરજના ભાગરૂપે કરી છે તેમજ રજુ થયેલા તમામ દસ્તાવેજોએ અસલ છે અને આંક ૧૩ થી આંક ૨૬ સુધીના તમામ દસ્તાવેજો પ્રોપર કસ્ટડી માંથી રજુ થયેલ છે, આ દસ્તાવેજોને પ્રતિવાદી દ્વારા કોઈપણ રીતે પડકારેલા નથી ત્યારે આ દસ્તાવેજોને ન માનવા નું કોઈ કારણ રહેતું નથી.

**(૧૦)** આ કામના વાદી દ્વારા ૧૮ % ના વ્યાજની માંગણી કરેલ છે પરંતું આ કામના પક્ષકારો વચ્ચે વ્યાજ અંગે કોઈ લેખીત કરાર કરવામાં આવેલ નથી,પરંતું ંપ્રવર્તમાન નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપીત કરવામાં આવેલા વ્યાજના ધોરણો ધ્યાનમાં લેતા વાદીની ૯ % વ્યાજની માંગણી વ્યાજબી જણાતી હોય, વાદી પોતાની લેણી રકમ ઉપર વાર્ષીક ૯ % વ્યાજ સહીત લેણી રકમ મેળવવા હકકદાર છે.

**(૧૧)** આ કામના વાદી કંપનીના અધીકારીઓ દ્વારા તા. ૦૭/૧૨/૨૦૧૬ ના રોજ પ્રતિવાદીની જગ્યાનું ચેકીંગ કરેલ છે અને જરૂરી રીપોર્ટસ તૈયાર કરેલા છે અને વાદી દ્વારા પ્રતિવાદી ને તારીખ ૨૦/૧/૧૮ના રોજ લેખીતમાં નોટીસ આપેલ જયારે હાલનો દાવો તા.૨૧/૩/૧૮ ના રોજ દાખલ કરવામાં આવેલ છે, આમ હાલનો દાવો વાદીએ હાલનો દાવો ત્રણ વર્ષની સમયમર્યાદામાં દાખલ કરેલ છે તેથી વાદીનો દાવો સમયમર્યાદામાં દાખલ કરવામાં આવેલ છે અને વાદીના દાવાને લીમીટેશન એકટનો કોઈ બાધ નડતો નથી.

**(૧૨)** ઉપરોકત ચર્ચા મુજબ પોતાનો દાવો સાબીત કરવામાં સફળ રહયા છે તેથી મુદ્દા નં. ૧ થી ૪ નો નિર્ણય હકારમાં ઠરાવી મુદ્દા નં. ૫ સંબંધે નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

**– :: <u>હુ ક મ</u> ::–**

**(એ)** વાદીનો દાવો મંજુર કરવામાં આવે છે અને પ્રતિવાદીને એવો હુકમ કરવામાં આવે છે કે પ્રતિવાદીએ વાદીને રૂા.૪૮૭૨૯– ૪૯ પૈસા દાવો દાખલ થયાની તારીખથી રકમ વસુલ થાય ત્યાં સુધી વાર્ષીક નવ ટકા (૯ %)ના સાદા વ્યાજસહીત ચુકવી આપવા અને વાદી તે રકમ પ્રતિવાદીની જાત તથા હરેક પ્રકારની મીલકતમાંથી વસુલ મેળવવા હકકદાર રહેશે.

**(બી)** વાદીને થયેલ ખર્ચ પ્રતિવાદીએ ચુકવી આપવો. હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા.૧૨ મી માહે જુલાઈ સને ૨૦૧૯ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

રાજકોટ તા.૧૨/૭/૨૦૧૯

**( વિનોદ વી. પરમાર )**
**૧૦માં એડી. ડીસ્ટ્રીકટ જજ તથા**
**સ્પે. જજ (ઈલેકટ્રીસીટી એકટ)**
**રાજકોટ**
**UNIQ ID NO.GJ01514**